# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-05-2024 Evening : 7.50 to 8.00
Day : Wednesday National News

## આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભુંડિયા વાંચે છે.

*************************************************

- લોકસભા ચૂંટણીનો પ્રચાર કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કૉંગ્રેસ સામે કર્યો પ્રહાર...તો રાહુલ ગાંધીએ ઇન્ડિ ગઠબંધનની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો..
- કેન્દ્રીય ચૂંટણી પંચે ભાજપ અને કૉંગ્રેસના સ્ટાર પ્રચારકોને વિવાદાસ્પદ ભાષણથી દૂર રહેવા કહ્યું..
- ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ ઇરાનના તહેરાનમાં પહોંચ્યા, દિવંગત રાષ્ટ્રપતિ રઈસી સહિતના નેતાઓના અંતિમવિધિ સમારોહમાં ઉપસ્થિત રહ્યા ...
- ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં હીટવેવ યથાવત રહેવાની આગાહી...જમ્મૂ કાશ્મીરમાં પારો 44 ડિગ્રી સેલ્સિયને પાર થવાની શક્યતા..
- અને IPLમાં આજે રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે મુકાબલો...

***************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EC-7TH PHASE CANDIDATES

લોકસભા ચૂંટણીના સાતમાં તબક્કાના મતદાનની તૈયારીઓ ચાલી રહી છે. આ તબક્કામાં આઠ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ મળીને 57 બેઠકો માટે મતદાન થવાનું છે. જેમાં 904 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

ચૂંટણી પંચે એક નિવેદનમાં કહ્યું છે કે, સાતમા તબક્કા માટે 2 હજાર, 105 ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાંથી 954 જેટલા ઉમેદવારી પત્રો સ્વીકરવામાં આવ્યા છે. પંજાબમાં સૌથી વધુ 598 ઉમેદવારી પત્રો ભરાયા, જ્યારે કે ઉત્તર પ્રદેશમાં 495 ઉમેદવારી પત્રો ભરાયા હતા.

અંતિમ તબક્કામાં ઉત્તરપ્રદેશ અને પંજાબની તેર – તેર, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની 3, કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની એક બેઠક માટે મતદાન થશે. જ્યારે પરિણામ 4 જૂનના રોજ જાહેર થશે.

# CAMPAGIN OVER ALL

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે પ્રચાર અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. વિવિધ પક્ષોના સ્ટાર પ્રચારકો મતદારોને રિઝાવવા પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર પ્રદેશના બસ્તીમાં ચૂંટણી સભા સંબોધી હતી. શ્રી મોદીએ લોકોને અપીલ કરી તેઓ ભારતને આત્મનિર્ભર બનાવવા માટે મત આપે. તેમણે

ઉત્તર પ્રદેશના બસ્તી ઉપરાંત શ્રાવસ્તી અને દિલ્હીના દ્વારકામાં પણ ચૂંટણી પ્રચાર કર્યો હતો.

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે મહારાજગંજ, કુશીનગર અને જૌનપુરમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો.

બહુજન સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ માયાવતીએ જૌનપુરમાં, તો સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે આઝમગઢમાં ચૂંટણી સભા સંબોધી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના ઘાતલમાં ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું. શ્રી શાહે કહ્યું કે પાકિસ્તાન હસ્તકનું કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે અને ભારત તેને પાછું લઈને રહેશે. તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળની તૃણમૂલ કૉંગ્રેસ સરકાર ભ્રષ્ટ છે, અને તેણે બંગાળના લોકોને વિકાસથી વંચિત રાખ્યા છે. શ્રી શાહે આ પૂર્વે કાંથી લોકસભા મત વિસ્તારમાં સભા સંબોધી હતી. આ ઉપરાંત પુરલિયા અને બાંકુરામાં પણ ચૂંટણી પ્રચાર કર્યો હતો.

કૉંગ્રેસના વિરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણી 2024માં ઇન્ડિ ગઠબંધનની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વધુમાં તેમણે કહ્યું કે તેમની સરકાર સત્તામાં આવશે તો અગ્નિવીર યોજના ખતમ કરી દેશે. શ્રી ગાંધીએ હરિયાણાના મહેન્દ્રગઢમાં જાહેર સભાને સંબોધન કર્યું હતું.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના ઘાતલમાં ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું. શ્રી શાહે કહ્યું કે, પાકિસ્તાન હસ્તકનું કાશ્મીર ભારતનું અંગ છે, રહેશે અને ભારત તેને પાછું લઈને રહેશે. તેમણે કહ્યું કે  પશ્ચિમ બંગાળની તૃણમૂલ કૉંગ્રેસ સરકાર ભ્રષ્ટ છે, અને તેણે બંગાળના લોકોને વિકાસથી વંચિત રાખ્યા છે. શ્રી શાહે આ પૂર્વે કાંથી લોકસભા મત વિસ્તારમાં સભા સંબોધી હતી. આ ઉપરાંત પુરલિયા અને બાંકુરામાં પણ ચૂંટણી પ્રચાર કર્યો હતો.

# EC CONGRESS NOTICE

કેન્દ્રીય ચૂંટણીપંચે ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડા અને કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેને કારણ દર્શાવો નોટિસ પાઠવી છે. બંને નેતાઓ સામે ચૂંટણી પ્રચાર દરમિયાન આચાર સંહિતાનો ભંગ કરવા બાબતે ફરિયાદ થઈ હતી.

ચૂંટણી પંચે બંને પક્ષોના અધ્યક્ષને એક પત્ર લખ્યો છે, જેમાં કહ્યું છે કે કોઈ પણ પાર્ટી કે ઉમેદવારે આવી કોઈ પણ ગતિવિધિ કે નિવેદનમાં સામેલ ન થવું જોઈએ, આવા નિવેદનોથી મતભેદ અને સાંપ્રદાયિક તણાવ વધી શકે છે. ચૂંટણી પંચે શ્રી નડ્ડાને કહ્યું કે તેઓ પોતાના પક્ષના સ્ટાર પ્રચારકોને સમાજને વિભાજીત કરનારા ભાષણોથી દૂર રહેવા નિર્દેશ કરે. પંચે કૉંગ્રેસના સ્ટાર પ્રચારકોને સુરક્ષા બળોનું રાજકીયકરણ ન કરવા કહ્યું. ચૂંટણી પંચે શ્રી ખડગેને નિર્દેશ કર્યો છે કે, તેઓ સ્ટાર પ્રચારકોને ભારતીય બંધારણ વિશેના વિવાદીત નિવેદનોથી દૂર રહવા જણાવે.

# AAP-BJP

આમ આદમી પાર્ટીએ ભાજપ પક્ષ સામે દિલ્હીની જનતા સામે કથિત કાવતરું ઘડવાનો આરોપ મૂક્યો છે.

આપના વરિષ્ઠ નેતા અતિશીએ આક્ષેપ કર્યો છે કે ભાજપે રાજધાનીમાં પાણીની કટોકટી સર્જવા માટે પુરવઠો અટકાવી દીધો છે. તેમણે જણાવ્યું કે, તપાસમાં એવું બહાર આવ્યું છે કે હરિયાણા સરકાર યમુનાનો દિલ્હીનો પ્રવાહ અટકાવી રહી છે. તેમણે ઉમેર્યું કે યમુનાનું સ્તર ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચ્યું છે.

# CONGRESS-THAROOR

કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે લોકસભા ચૂંટણીમાં, જીતના ભાજપના દાવાને સંપૂર્ણપણે કાલ્પનિક ગણાવ્યો છે.

તેમણે આજે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે ભાજપ માટે 2019ના ચૂંટણી પરિણામોનું પુનરાવર્તન કરવું અશક્ય છે. તેમણે દાવો કર્યો કે ભાજપના ગઢમાં ઓછું મતદાન થયું છે. શ્રી થરૂરે એવો પણ દાવો કર્યો હતો કે લોકોનો ઉત્સાહ કોંગ્રેસના ઉમેદવારો અને **INDI** ગઠબંધન તરફ જોવા મળી રહ્યો છે.

# HEMANT SOREN

સર્વોચ્ચ અદાલતે મની લૉન્ડ્રીંગ કેસમાં નીચલી અદાલતમાં જામીન અરજી દાખલ કરવા બાબતે તથ્યો છૂપાવવા બદલ ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનને ફટકાર લગાવી હતી. જેને કારણે સોરેન ઇડી દ્વારા ધરપકડને પડાકરતી અરજી પાછી લેવા મજબૂર બન્યા.

સર્વોચ્ચ અદાલતની બે જજોની ખંડપીઠે સોરેનના વકીલ કપિલ સિબ્બલને ચેતવણી આપતા આ કેસ પાછો લેવા માટે મંજૂરી આપી હતી. ઈડીએ સર્વોચ્ચ અદાલતને કહ્યું કે, 31 જાન્યુઆરીના રોજ સોરેનની ધરપકડને ઝારખંડની ઉચ્ચ ન્યાયાલયે યથાવત રાખી હતી, અને નીચલી કોર્ટે પણ જામીન 13 મેના રોજ ફગાવી દીધા હતા.

સોરેને દિલ્હી દારૂનીતિમાં કથિત મની લોન્ડ્રીંગ કૌભાંડનો હવાલો આપતા સર્વોચ્ચ ન્યાયાલય સમક્ષ રાહતની અપીલ સાથે જામીન અરજી કરી હતી.

# IRAN-RAISI FUNERAL

ઇરાનના સર્વોચ્ચ નેતાએ રવિવારે હેલિકૉપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દેશના દિવંગત રાષ્ટ્રપતિ, વિદેશ મંત્રી સહિતના લોકોના અંતિમ વિધિ સમારોહની અધ્યક્ષતા કરી હતી. દેશના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખમૈનેઈએ પ્રાર્થનાનું નેતૃત્વ કર્યું હતું, જે બાદ મૃતકોના તાબૂત સાથેનું જુલૂસ તહેરાન યુનિવર્સિટીથી ફ્રીડમ સ્કેવર તરફ આગળ વધ્યું હતું.

રવિવારે ઉત્તર-પશ્ચિમી ઇરાનના પર્વતીય વિસ્તારમાં હેલિકૉપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું,. જેમાં રાષ્ટ્રપતિ ઇબ્રાહિમ રઈસી, વિદેશ મંત્રી હોસેન અમીરાબ્દુલ્લાહિન અને અન્ય લોકોના નિધન થયા હતા. આજના અંતિમવિધિ સમારોહમાં અનેક દેશોના રાજકીય અને સૈન્ય પ્રતિનિધિઓ હાજર ઉપસ્થિત રહ્યા. રઈસીને ગુરુવારે તેમના મૂળ વતન મશરદના શિયા ઇસ્લામની આઠમી ઇમામ રજા દરગાહ ખાતે દફન કરાશે.

# VP IRAN VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ઇરાનની રાજધાની તહેરાન પહોંચ્યા હતા, જ્યાં ઇરાનના અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું. શ્રી ધનખડે ઇરાનના રાષ્ટ્રપતિ સૈયદ ઇબ્રાહિમ રઈસી અને વિદેશ મંત્રી એચ. અમીર અબ્દુલ્લાહિયન સહિતના નેતાઓના અંતિમવિધી સમારોહમાં ભાગ લીધો હતો.

# WHO- GAZA

વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રમુખ ટેડ્રોસ અધોનોમે ઇઝારાયેલને ગાઝામાં આરોગ્ય સેવાઓ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવા કહ્યું છે. એક સત્તાવાર નિવેદનમાં તેમણે કહ્યું કે લગભગ 700 જેટલા દર્દીઓ યુદ્ધ અસરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા છે.

વધુમાં તેમણે ઉમેર્યું કે, ઇજિપ્ત-ગાઝા સરહદ ગત બે સપ્તાહથી બંધ હોવાથી, ગાઝામાં આફત સમયની આરોગ્ય સેવાઓની પાઇપ લાઇનને અસર થઈ છે. તેમણે ગાઝાની સ્થિતિને ભયાવહ ગણાવી હતી. ઉત્તરીય ગાઝામાં માત્ર બે હૉસ્પિટલો કાર્યરત છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ અહીં આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે હૉસ્પિટલની સ્થિતિ સુધારવા પર ભાર મૂક્યો છે.

# VIETNAM PRESIDNET

વિયેતનામની રાષ્ટ્રીય મહસભાએ આજે સરંક્ષણ મંત્રી લામને મતદાન બાદ દેશના રાષ્ટ્રપતિ બનવાની મંજૂરી આપી છે. વિયેતનામના પૂર્વ રાષ્ટ્રપતિ વો વન થોંગના રજીનામાના બે મહિના બાદ નવા

રાષ્ટ્રપતિની નિમણૂંક કરાઈ છે. શ્રી લામ 18 મહિનાથી ઓછા સમયમાં વિયેતનામના ત્રીજા રાષ્ટ્રપતિ બનવા જઈ રહ્યા છે. લામ વિયેતનામના અત્યંત શક્તિશાળી વ્યક્તિ છે. લામે સંરક્ષણ મંત્રી રહેતા અનેક અસંતુષ્ટ અને બ્લૉગરને જેલમાં મોકલ્યા હતા.

# WEATHER

હવામાન વિભાગે ગુજરાત સહિત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને મધ્યપ્રદેશમાં 25 મે સુધી પ્રચંડ ગરમી ચાલુ રહેવાની આગાહી કરી છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં તાપમાન 44થી 46 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે.

આગામી કેટલાંક દિવસ માટે મધ્ય અને ઉત્તર પશ્ચિમ ભારતનાં અનેક ભાગોમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ક્રમિક વધારો થવાની આગાહી છે. તો આ વર્ષે જમ્મૂ કાશ્મીરમાં સિઝનનું સૌથી વધુ તાપમાન નોંધાયું છે. અહીં તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસે પહોંચી ગયું છે. હવામન વિભાગ અનુસાર આગામી બેથી ત્રણ દિવસમાં જમ્મૂ કાશ્મીરના કેટલાક ભાગોમાં તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ સુધી જઈ શકે છે.

હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ પૂર્વ અરબી સમુદ્ર, માલ્દિવ્સ, કોમોરિન, બંગાળનો અખાત અને આંદામાન નિકાબોર ટાપુનાં કેટલાંક ભાગોમાં નૈઋત્યનુ ચોમાસુ આગળ વધવા માટે સાનુકુળ સ્થિતિ છે. શુક્રવાર સુધી ભારતનાં દક્ષિણ ભાગોમાં ભારેથી અતિભારે છુટોછવાયો વરસાદ પડવાની સંભાવના છે, જ્યારે આજે અને આવતીકાલે કેરળમાં અતિ ભારે વરસાદની સંભાવના

છે. આગામી બેથી ત્રણ દિવસ માટે તામિલનાડુ, પુડુચેરી, કરાઇલ, કેરળ, માહે અને કર્ણાટકમાં ભારેથી અતિભારે વરસાદ શક્ય છે.

# IPL

અને IPLની ઇલિમિનેટર મેચમાં આજે રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મુકાબલો થઈ રહ્યો છે. મેચની શરૂઆતમાં રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. છેલ્લે મળતા સમાચાર અનુસાર રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 1 વિકેટ ગુમાવીને 43 રન બનાવ્યા હતા.

# Pakistan heat

પાકિસ્તાનમાં કેટલાંક ભાગોમાં દિવસનું તાપમાન 50 ડિગ્રી સેલ્સિયસને પાર થવાની સંભાવનાને ધ્યાનમાં રાખતા સત્તાવાળાઓએ શાળાઓ બંધ રાખવાનો, પરીક્ષા મુલતવી રાખવાનો અને હોસ્પિટલોને સાવધાન રહેવા આદેશ આપ્યો છે. સ્થાનિક માધ્યમોના અહેવાલ પ્રમાણે તાપમાન સરેરાશ સ્તર કરતા આઠ ડિગ્રી ઊંચું છે. દેશમાં સતત ત્રીજા વર્ષે ગરમીનો પારો 50 ડિગ્રીને પાર થયો છે.